# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-05-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં મોકડ્રીલ:

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર રાજ્યના 18 જિલ્લાઓમાં આજે સાંજે 4 વાગ્યાથી મોકડ્રીલ શરૂ થઇ છે જે સાંજે 8 વાગ્યા સુધી ચાલશે. યુદ્ધ જેવી પરિસથીતિઓનો સામનો કરવા માટે અને કટોકટીની સ્થીતિમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે મોકડ્રીલનું આયોજન કરાયું છે. કચ્છમાં ત્રણ જગ્યાએ હાલ મોકડ્રીલ ચાલી રહી છે જેમાં ભુજમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ગાંધીધામ ખાતે કંડલા પોર્ટ તથા નલિયામાં રાજપુત સમાજવાડીનો સમાવેશ થાય છે. ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આર્મી, પોલીસ, NCC, આરોગ્ય વિભાગ, 108, અગ્નિશમન દળ, હોમગાર્ડ, રેડક્રોસ, નાગરિક સંરક્ષણ વિભાગ, PGVCL, R&B ફોરેસ્ટ વિભાગ સહિતના કર્મચારીઓ મોકડ્રીલમાં જોડાયા છે. મોકડ્રીલમાં બોમ્બમારો, હવાઇ હુમલા, યુધ્ધ જેવી પરિસ્થિતિ વખતે કયા પ્રકારની સાવચેતી રાખવી અને નાગરિકોનો બચાવ કઇ રીતે કરવો તે સહિતની બાબતોનો અભ્યાસ ચાલી રહ્યો છે. મોકડ્રીલને નિહાળવા માટે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં મોટી સંખ્યામાં નાગરિકો એકત્ર થયા છે.

મોકડ્રીલ બાદ રાજ્યના 18 જિલ્લાઓમાં આજે સાંજે સાડા સાત વાગ્યાથી 9 વાગ્યા સુધી જુદા જુદા સમયે અંધારપટ છવાશે. કચ્છ જિલ્લામાં આજે સાંજે 8 થી સાડા આઠ દરમિયાન બ્લેક આઉટ કરવામાં આવશે. નાગરિકોને ઘરની તમામ લાઇટો બંધ રાખી સહયોગ આપવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

ભુજ ખાતે ચાલી રહેલી મોકડ્રીલ અંગે માહિતી આપતા કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : આનંદ પટેલ)

---

## પશ્ચિમ કચ્છ પોલીસ વડાની અપીલ:

પશ્ચિમ કચ્છના એસપી વિકાસ સુંડાએ લોકોને મોકડ્રીલમાં જોડાવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે તંત્રની સૂચનાઓનું ગંભીરતાથી પાલન કરવું જરૂરી છે. તંત્ર તમામ સ્તરે સજ્જ છે. સરહદી વિસ્તારના લોકો સુરક્ષા વિભાગના મહત્વના અંગ છે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળે તો તુરંત પોલીસ અને કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવ્યુ હતું.

(બાઇટ : એસપી વિકાસ સુંડા)

---

## ભુજ ફ્લાઈટ રદ -:

ઓપરેશન સિંદૂરને પગલે, દેશમાં અનેક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. એર ઇન્ડિયાએ જણાવ્યું છે કે જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટ જતી અને આવતી તમામ ફ્લાઇટ્સ આ મહિનાની 10 મી તારીખ સુધી રદ રહેશે. સુરક્ષાને ધ્યાને રાખી સામાન્ય નાગરિકો માટે અચોક્કસ મુદત સુધી બંધ કરાયું છે. ઉડ્ડયન અધિકારીઓની સૂચના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન હવાઈ મથક માત્ર સૈન્ય અભિયાન માટે ચાલુ રહેશે.

---

## કચ્છમાં વરસાદ:

બે દિવસથી કરા સાથે તોફાની વરસાદ વરસી વરસ્યા બાદ આજે જિલ્લાના કેટલાક સ્થળોએ વરસાદ પડ્યો છે. દિવસ દરમિયાન ભારે બફારા વચ્ચે પુર્વ કચ્છના કેટલાક ગામોમાં વરસાદ પડ્યાના અહેવાલ મળ્યા છે. ભીમાસર, ગેડી, અંજાર, સાપેડા, માંડવી વિસ્તારમાં વરસાદ પડ્યો હતો, અંજારના રતનાલ અને માંડવીના આસંબિયામાં કરા પડ્યા હોવાના હેવાલ સાપડી રહ્યા છે. દિવસ દરમિયાન વાદળછાયા અને બફારાના વાતાવરણ વચ્ચે વરસાદ પડતા વાતાવરણમાં સામાન્ય ઠંડક પ્રસરી ગઇ હતી.

---

## ધોરણ 10નું પરિણામ:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2025માં યોજાયેલ ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ આવતીકાલે સવારે 08:00 કલાકે જાહેર થશે. ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ 10ની પરીક્ષાઓ 27 ફેબ્રુઆરી, 2025થી 13 માર્ચ, 2025 દરમિયાન યોજાઈ હતી. આ વર્ષે લગભગ 9 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

---